ASIAN AMERICANS ADVANCING JUSTICE AAJC

# ***2020 ની વસ્તી ગણતરીનો દાવો અને એશિયન અમેરિકન સમુદાયો માટે તેનો અર્થ***

યુ.એસ. સુપ્રીમ કોર્ટે ૨૦૨૦ની વસ્તી ગણતરીમાં નાગરિકત્વનો પ્રશ્ન ઉમેરતા વહીવટને અવરોધિત કર્યા પછી,વહીવટીતંત્રે ૨૦૨૦ ની વસ્તી ગણતરીને નબળા પાડવાના અન્ય માધ્યમોને આગળ વધારિયુ જેથી ઐતિહાસિક દૃષ્ટિએઓછી ગણતરી કરેલા સમુદાયોની ગણતરીને સંપૂર્ણ અને સચોટ રીતે ગણવાથીઅને આપણી રાજકીય પ્રક્રિયામાં પ્રતિનિધિત્વ કરવાથી રોકી શકાય.૨૦૨૦ની વસ્તી ગણતરી વિશે અને આપણા સમુદાયો માટે કેમ મહત્વપૂર્ણ છે તે વિશે www.CountUsIn2020.org પર વધુ જાણો.

## *મુખ્ય મુદ્દાઓ (ટેકઅવેસ):*

૧. બંધારણ મુજબ, વસ્તી ગણતરી દરેકને ગણવા માટે છે. આપણા સમુદાયોમાંના દરેકને ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના ગણવા જોઈએ.

૨. વસ્તી ગણતરી આપણા સમુદાયોને મળતા સંઘીય ભંડોળ અને સંસાધનો અને આવતા દસ વર્ષો સુધી આપણી રાજકીય પ્રતિનિધિત્વ અને અવાજને અસર કરે છે.આપણા સંસાધનોનો યોગ્ય હિસ્સો પ્રાપ્ત કરવા માટે આપણેસંપૂર્ણ અને સચોટ ગણતરીની જરૂર છે.

૩.હવે, ૨૦૨૦ ની વસ્તી ગણતરી પૂરી થઈ ગઈ છે, વસ્તી ગણતરી કાર્યાલય પાસે એકત્રિત કરેલા ડેટા પર પ્રક્રિયા કરવા અને કોઈપણ ભૂલો ઓળખવા માટે પૂરતો સમય હોવો જોઇએ. ૩૧ ડિસેમ્બર સુધીમાં અંતિમ આંકડોનો અહેવાલ કરવા ડેટા પ્રક્રિયાકરણમાં ઉતાવળ કરવી સંભવત આપણા ઐતિહાસિક દૃષ્ટિએ ઓછી ગણતરી કરેલા સમુદાયોની અચોક્કસ ગણતરીમાં પરિણમશે.

## *2020 ની વસ્તી ગણતરી ઉપર ચાલી રહેલા દાવાઓમાં શું દાવ પર છે?*

- સંપૂર્ણ અને સચોટ વસ્તી ગણતરી માટે સતત લડત ચલાવતા અસંખ્ય મુકદમા, કોર્ટના માધ્યમથી આગળ વધી રહ્યા છે. કેસ ચલાવવામાં આવતા ત્રણ મુખ્ય મુદ્દાઓ છે: (૧) ગણતરી અને ડેટા પ્રક્રિયાને કાપવું; (૨) રાષ્ટ્રપતિ મેમોરેન્ડમમાં કોંગ્રેસના વિભાજનમાંથી (હિસ્સો) બિન-દસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સને બાકાત રાખવા; અને (૩) રાજ્ય- પુન: વિચ્છેદનપ્રક્રિયામાંથી બિન-યુ.એસ. નાગરિકોને બાકાત રાખવા માટે ડેટા ફાઇલ (જેને સિટીઝન વોટિંગ એજ પોપ્યુલેશન અથવા "સીવીએપી" ફાઇલ કહે છે) બનાવવી.એશિયન અમેરિકનો એડવાન્સિંગ જસ્ટિસ | એએજેસી ("એડવાન્સિંગ જસ્ટિસ-એએજેસી"), એમએએલડીઈએફ (મેક્સીકન અમેરિકન કાનૂની સંરક્ષણ અને શૈક્ષણિક ભંડોળ) સાથે, ફેડરલ અદાલતમાં વસ્તી ગણતરીને નબળા પાડવાના આ પ્રયત્નોને હાલમાં પડકાર આપી રહી છે.
- ***સમયરેખા કાપવા બાબત:*** જ્યારે કોવિડ-૧૯ રોગચાળાને કારણે વસ્તી ગણતરી કાર્યાલયએ તેની ઓપરેશનલ યોજના બદલવાની ફરજ પડી હતી, ત્યારે વસ્તી ગણતરી કાર્યાલયએ નક્કી કર્યું હતું કે, સંપૂર્ણ અને સચોટ ગણતરી સુનિશ્ચિત કરવા ઓક્ટોબર ૩૧, ૨૦૨૦ સુધી ગણતરી ચાલુ રાખવી અને ૩૦ એપ્રિલ, ૨૦૨૧ સુધી ડેટાનું પ્રક્રિયાકરણ ચાલુ રાખુવું. જોકે, ઓગસ્ટમાંવસ્તી ગણતરી કાર્યાલયએ, અચાનકઘોષણા કરી કે તેઓ વસ્તી ગણતરી કરવા માટે જરૂરી સમય કાપી નાખી ૩૦સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ ગણતરી સમાપ્ત કરશે અને ડેટાનું પ્રક્રિયાકરણ કરશે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રપતિને અંતિમ ગણતરીનોઅહેવાલ આપશે.
- ***રાષ્ટ્રપતિ યાદી:*** દરેક વ્યક્તિને ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, દશવર્ષીય વસ્તી ગણતરીમાં બધાને ગણવામાં આવે છે. જોકે, ૨૧ જુલાઇ, ૨૦૨૦ ના રોજ રાષ્ટ્રપતિ ટ્રમ્પે રાજ્યોમાં કોંગ્રેસની બેઠકો ફરીથી ફાળવણીમાટે

વપરાતી વસ્તી ગણતરીમાંથી બિનદસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સને બાકાત રાખવા યાદી બહાર પાડી. બંધારણમાં ફરજિયાત છે કે કોંગ્રેસની બેઠકો "દરેક રાજ્યમાં વ્યક્તિઓની સંપૂર્ણ સંખ્યા" ના આધારે ફાળવવી આવશ્યક છે જેથી રાજ્યોનું પ્રતિનિધિત્વ તેમની વસ્તીના પ્રમાણમાં રજૂ થાય. વિભાગીકરણની ગણતરીમાંથી બિન-દસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સને દૂર કરવું એ અભૂતપૂર્વ અને ગેરબંધારણીય છે અને રાજકીય પ્રતિનિધિત્વને જ્યાં મોટા ઇમિગ્રન્ટ સમુદાયો ના સ્થળો છે ત્યાથી દૂર ખસેડશે.

- ***સીવીએપી ફાઇલ:***જુલાઈ ૨૦૧૯ માં, સુપ્રીમ કોર્ટે નાગરિકત્વના પ્રશ્નના વધારાને અવરોધ્યાના થોડા દિવસ પછી જ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે વસ્તી ગણતરી કાર્યાલયનેસંઘીય અને રાજ્ય એજન્સીઓ પાસેથી નાગરિકત્વનો ડેટા એકત્રિત કરવાનો નિર્દેશ આપતો એક કારોબારી હુકમ જારી કર્યો જેથી રાજ્યો બિન-યુએસ નાગરિકોને વસ્તી ગણતરીમાંથી બાકાત રાખી શકે જે રાજ્યના વિધાનસભા જિલ્લાઓને દોરવા માટે વપરાય છે. બ્લોક સ્તરે નાગરિકત્વ-ફક્ત ડેટા સાથે સીવીએપી ફાઇલનો ઉપયોગ કરવાથી લેટિનો અને એશિયન અમેરિકનોની રાજકીય શક્તિમાં અપ્રમાણસર ઘટાડો કરશે, જે ઇમિગ્રન્ટ સમુદાયોમાં રેહતા હોયે શકે છે.

## *વર્તમાન ભૂમિ-દૃશ્ય શું છે?*[1]

- ૨૦૨૦ ની વસ્તી ગણતરીમાટેનું સવિસ્તાર વર્ણન ઓક્ટોબર ૧૫, ૨૦૨૦ ના રોજ સમાપ્ત થયું.સુપ્રીમ કોર્ટે ગણતરી ટૂંકી કરી હતી, જ્યારે તેમણે નીચલી અદાલતે આપેલ આદેશને હોલ્ડ પર રાખ્યો; જેઓએ ઓક્ટોબર ૩૧ સુધી

[1] ઓક્ટોબર ૨૬, ૨૦૨૦ ના રોજ છેલ્લે અપડેટ થયેલ. મુકદ્દમાની કાર્યવાહી આગળ વધતાં જમીન પર સંજોગોમાં પરિવર્તન આવશે.

મતગણતરી ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો, જેમ કે વસ્તી ગણતરી કાર્યાલયએ મૂળ રીતે કોવિડ -૧૯રોગચાળો થયા પછી યોજના બનાવી હતી.

- હવે જ્યારે સવિસ્તાર વર્ણન સમાપ્ત થઈ ગયું છે, વસ્તીગણતરી કાર્યાલયએ તેના દ્વારા એકત્રિત કરેલા ડેટા પર પ્રક્રિયા કરવાની રહેશે અને અહેવાલ માટે સંખ્યાઓ તૈયાર કરવી પડશે. કોઈપણ ભૂલો ઓળખવા અને ચોક્કસ ગણતરી સુનિશ્ચિત કરવા માટે આ"ડેટા સંગ્રહ પછીની પ્રક્રિયા" મહત્વપૂર્ણ છે.
- વસ્તીગણતરી કાર્યાલયમાટે અંતિમ ૨૦૨૦ ની ગણતરી રાષ્ટ્રપતિને સુપરત કરવા માટેની હાલની સમયમર્યાદા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ છે. જો કે, વસ્તીગણતરી કાર્યાલયએ અગાઉ વારંવાર જણાવ્યું છે કે આ અન્તિમ રેખા પૂરી કરવા માટે પૂરતો સમય નથીઅને તેઓને સંપૂર્ણ૩૦ એપ્રિલ૨૦૨૧ સુધીનો સમય જરૂરી છે એ સુનિશ્ચિત કરવા માટે કે તે તમામ આવશ્યક ડેટા પ્રક્રિયાકરણ પગલાં લઈ શકે.
- કેટલાક મુકદ્દમોમાં વિનંતી કરવામાં આવી છે કે ૩૧ ડિસેમ્બરની અન્તિમ રેખા એક બાજુ મૂકી દેવી જોઈએ. કેલિફોર્નિયાના એક સંઘીય ન્યાયાધીશે સંમત થયા અને અહેવાલ માટે ૩૦ એપ્રિલ, ૨૦૨૧ ની અંતિમ તારીખ ફરીથી સ્થાપિત કરી. સરકારે તે નિર્ણયની અપીલ કરી હતી અને નિર્ણય અપીલ પર હોય ત્યારે ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો છે. આનો અર્થ એ કે, આ તબક્કે, વસ્તીગણતરી કાર્યાલયને ૩૧ડિસેમ્બર, ૨૦૨૦સુધીમાં ફાળવણી ગણતરીની નો અહેવાલ કરવાની અને તેઓની યોજના મુજબ અડધાથી ઓછા સમયમાં પોસ્ટ-પ્રોસેસિંગ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.
- રાષ્ટ્રપતિ  મેમો ના સંદર્ભમાં, સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૦ના રોજ, ન્યૂ યોર્કમાં ત્રણ સંઘીય ન્યાયાધીશોની પેનલે ચુકાદો આપ્યો કે કોંગ્રેસના વિભાજનની ગણતરીમાંથી બિન-દસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સને બાકાત રાખવી ગેરકાનૂની છે.

ટ્રમ્પ પ્રશાસને ચુકાદાની અપીલ કરી છેઅને સુપ્રીમ કોર્ટ ૩૦ નવેમ્બરે આ કેસની સુનાવણી કરવાનું છે.

## *એશિયન અમેરિકન, મૂળ હવાઇયન અને પેસિફિક આઇલેન્ડર સમુદાયો માટે આનો અર્થ શું છે?*

- આજે, આશરે પાંચ એશિયન અમેરિકનોમાંના એક અને ત્રણ મૂળ હવાઇયન અને પેસિફિક આઇલેન્ડર્સમાંથી એક ગણતરી-કરવામાં-મુશ્કેલ પડોશમાં રહે છે અને ઐતિહાસિક દૃષ્ટિએ વસ્તી ગણતરીમાં ઓછા ગણતરી કરેલા છે. હેલ્થકેર અને શિક્ષણનથી માંડીને આવાસ અને પરિવહન સુધીની દરેક બાબતો માટે આગામી દસ વર્ષ માટે સંપૂર્ણ અને સચોટ ગણતરી જરૂરી છે.
- વસ્તી ગણતરી બંધ થઈ ગઈ હોવા છતાં, વસ્તી ગણતરીમાં આપણા સમુદાયોનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ થાય તે સુનિશ્ચિત કરવાઅને ભંડોળ અને રાજકીય શક્તિ જે તેમાથી પ્રવાહ કરે છે તેને સુરક્ષિત કરવા માટે અમારા પ્રયત્નો સમાપ્ત થયા નથી. ૩૧ ડિસેમ્બર સુધીમાં અંતિમ આંકડોનો અહેવાલ કરવા ડેટા પ્રક્રિયાકરણમાં ઉતાવળ કરવી સંભવત આપણા ઐતિહાસિક દૃષ્ટિએ ઓછી ગણતરી કરેલા સમુદાયોની અચોક્કસ ગણતરીમાં પરિણમશે.
- બંધારણ એકદમ સ્પષ્ટ છે કે વસ્તી ગણતરીમાં "દરેક રાજ્યમાં વ્યક્તિઓની સંપૂર્ણ સંખ્યા" ગણાવી જોઈએ. કોંગ્રેસના બેઠકો ફાળવવા માટેની સંખ્યામાંથી આપણા સમુદાયના બિન-દસ્તાવેજીકૃત સભ્યોને બાદ કરતાં, પરપ્રાંતિય સમુદાયો અને રંગના ઘણા સમુદાયોના રાજકીય પ્રતિનિધિત્વને અપ્રમાણસર અસર કરશે.
- એડવાન્સિંગ જસ્ટિસ -એએજેસી,, એમએએલડીઇએફ સાથે ભાગીદારીમાં, અમારા સમુદાયોનું પ્રતિનિધિત્વ થાય છે તેની ખાતરી કરવા માટે કોર્ટમાં આ મુદ્દાઓ લડવાનું ચાલુ રાખે છે.